**યુનિવર્સિટીઓના કોર્ટ કેસો માટે રોકવામાં આવેલ વકીલોની ફી થતા કાનુની અભિપ્રાય માટેના ફીના ધોરણો નક્કી કરવા બાબત.**

## ◈ જાહેરનામુ નં. ૬૫૩/૨૦૧૮ ◈

આથી સંબંધકર્તા સર્વેને જણાવવામાં આવે છે કે **તા. ૧.૧૨.૨૦૧૮**ના રોજ નવસારી કૃષિ યુનિવર્સિટીના સંચાલક મંડળની **એકતાલીસમી** બેઠકના કાર્યનોધના **મુદ્દા નં. ૪૧.૧૮** થી નીચેની વિગતે ઠરાવ કરેલ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટીના વિવિધ કોર્ટ કેસો કોર્ટમાં ચલાવવા અંગે સામેલ અનુસૂચી-૧ ***(Appendix 41.18(i))*** મુજબ વકીલ ફીના ધોરણો તથા નિતિઓ મંજુર કરવામાં આવે છે."

**કુલસચિવ**
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

જા.નં. નકૃયુ/રજી./લીગલ/**૧૧૮૬૧-૧૧૯૨૪**/૨૦૧૮
નવસારી તા. ૨૦.૧૨.૨૦૧૮

**નકલ સવિનય રવાના:-**

૧ નવસારી કૃષિ યુનિવર્સિટી સંચાલક મંડળના તમામ સભ્યોશ્રીઓ તરફ
૨ નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ
૩ નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ કોલેજના ડીનશ્રીઓ /આચાર્યશ્રીઓ તરફ
૪ નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ

**નકલ રવાના:-**

૧ માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી તરફ જાણ સારુ.

અનુસૂચી-૧ Appendix 41.18(i)

| અ.નં. | સીવીલ કેસો | ફી ના દર |
|---|---|---|
| ૦૧ | તાલુકા લેવલની જુનીયર ડીવીઝન કોર્ટના કેસ | રૂ.૧૫,૦૦૦/- થી ૨૫,૦૦૦/- |
| ૦૨ | જિલ્લાના સીનીયર ડીવીઝન કોર્ટના કેસ | રૂ.૨૫,૦૦૦/- થી ૩૫,૦૦૦/- |
| ૦૩ | જિલ્લા કોર્ટના કેસો | રૂ.૩૫,૦૦૦/- થી ૫૦,૦૦૦/- |
| ૦૪ | હાઈકોર્ટના કેસો | રૂ.૫૦,૦૦૦/- થી ૧,૫૦,૦૦૦/- |
| ૦૫ | સુપ્રિમ કોર્ટના કેસો | રૂ.૧,૦૦,૦૦૦/- થી ૩,૦૦,૦૦૦/- |
| ૦૬ | જમીનના રેવન્યુ કેસો | રૂ.૧૫,૦૦૦/- થી ૨૫,૦૦૦/- |
| ૦૭ | નોટિસ/જવાબ/અરજી વિગેરે | રૂ.૧,૫૦૦/- થી ૨,૦૦૦/- |
| ૦૮ | કાયદાકીય સલાહ સુચનો(બેઠક દીઠ) | રૂ.૧,૦૦૦/- થી ૧,૫૦૦/- |

| અ.નં. | મજુર કેસો | ફી ના દર |
|---|---|---|
| ૦૧ | મજુર કોર્ટના કેસો | રૂ.૨૧,૦૦૦/- થી ૩૦,૦૦૦/- |
| ૦૨ | ઔદ્યોગિક કોર્ટના કેસો | રૂ.૩૧,૦૦૦/- થી ૪૦,૦૦૦/- |

આમ ઉપરોકત તમામ અદાલતો માટે નીચેની નિતિ મંજુર કરવામાં આવે છે.

| | |
|---|---|
| ૦૧ | સીવીલ અને મજુર અદાલતોના કેસની ફી ના ધોરણો ધ્યાને રાખીને અન્ય અદાલતોના કેસોમાં સરખામણી કરીને વકીલની ફી કુલસચિવશ્રી નકકી કરશે. |
| ૦૨ | ઉપરોકત કેસોમાં કોઈ વખત સીનીયર એડવોકેટ રોકવાની જરૂરીયાત ઉભી થાય ત્યારે નિયત ફી કરતાં વધુ ફી ચુકવવાની થાય ત્યારે કુલપતિશ્રીની અનુમતિ/મંજુરી કુલસચિવશ્રીએ લેવાની રહેશે. તે પછી જ ફી ચુકવવાની રહેશે. |
| ૦૩ | કોઈ કેસમાં વિશાળ રેકોર્ડ હોય કે, અન્ય રીતે વકીલને વધુ જહેમત ઉઠાવવી પડે તેવા કેસ હોય ત્યારે નિયત કરેલ ફીના ધોરણ કરતાં વધુ ફી માટે કુલસચિવશ્રી કુલપતિશ્રીની મંજુરી મેળવશે. |
| ૦૪ | વકીલોની ફી ના ધોરણમાં કોર્ટ ફી, સ્ટેમ્પ ફી, નોટરી, એફીડેવીટ ફી કે, અન્ય કાનુની કે ટાઈપીંગ/સ્ટેનો કલાર્કોના ખર્ચનો સમાવેશ થતો નથી.પણ તે અલગથી ચુકવવાનો થશે. |
| ૦૫ | વકીલની ફી માંથી કાયદા મુજબનો ટેક્ષ (TDS) કાપવાનો રહેશે. |
| ૦૬ | યુનિવર્સિટીના વકીલો પાસેથી કાનુની અભિપ્રાય લેવામાં આવતાં હોય છે.તેથી વકીલનાં સ્ટેટસ પ્રમાણે વધુમાં વધુ રૂા.૨૦,૦૦૦/-ની મર્યાદામાં ફી ચુકવી શકશે. આ મર્યાદા કરતા વધુ ફી કુલપતિશ્રીની મંજુરી મેળવીને ચુકવવાની રહેશે. |
| ૦૭ | કુલસચિવશ્રી વ્યવહારુ અને વિવેક બુધ્ધિથી નિયત ધોરણો કરતાં કેસની ગુણવત્તા ધ્યાને રાખીને વકીલ સાથે પરામર્શ કરીને ઓછી ફી પણ ચુકવી શકશે. |
| ૦૮ | યુનિવર્સિટીના કાનુની વહીવટી તથા ગોપનીય કામો માટે કુલપતિશ્રીને કન્સલ્ટન્ટ રોકવાનો અધિકાર છે.આવા કન્સલ્ટન્ટની ફી,ટ્રાન્સપોર્ટેશન તથા અન્ય ઈન્સીડેન્ટલ ચાર્જીસ કુલસચિવશ્રીની ભલામણથી કુલપતિશ્રી નકકી કરશે. |
| ૦૯ | ઉપરોકત નકકી કરેલ નિતિ ઉપરાંત કુલપતિશ્રી પોતાની વિવેક બુધ્ધિથી યુનિવર્સિટીના કામનાં હિતમાં ફી ના ધોરણોમાં વધારો-ઘટાડો કરી શકશે. |
| ૧૦ | વકીલ ફીના ધોરણો તથા નિતિઓની દર પાંચ-વર્ષે સમીક્ષા કરીને તેમાં સુધારો-વધારો બોર્ડ કરશે. |

NAVSARI AGRICULTURAL UNIVERSITY * NAVSARI *

કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી – ૩૯૬ ૪૫૦